# ...પણ ઝઘડો થયો શેમાંથી?

## ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડ્યા

મોંઘવારીની સાથોસાથ જેમ મંદી પણ આવે, એમ જ્યાં 8-10 જણ ભેગા થયા હોય ત્યાં બીજા નવરા પણ આવે અને 'શું.. થ્યું.. ઉ..? શું થ્યું.. ઉ..?' પૂછતાં ટોળે વળે. અહીં હજુ દરેક લોકો પાસે રોકડો સવાલ જ હોય છે, જવાબ કોઈ પાસે હોતો નથી. આવી ઘટના વખતે લોકો વધારે એકઠાં એટલા માટે થાય છે કે સામેના એપાર્ટમેન્ટમાંથી બે મહિલાઓના બુલંદ સ્વરો હવામાં રેલાઈ રહ્યાં હોય છે એટલે કે સંગીતની કોઈ જુગલબંધી નથી પણ બંને મહિલાઓ 'પડોશીધર્મ' બજાવી રહી છે.

ગમે તેવા ઊંચા ગજાનાં કવિઓને બોલાવો તોય ત્યાં શ્રોતાઓની અછત જ હોય. કવિઓ ભરેલા હોય પણ હોલ ખાલી હોય. પણ આવા પડોશીધર્મ બજાવવાના અસાધારણ અને અછાંદસ કાર્યક્રમમાં ક્યારેય શ્રોતા કમ પ્રેક્ષકોની અછત સર્જાતી નથી. અહીં દરેક ઘરમાંથી ઓછામાં ઓછો એક અને કેટલાક તો સાગમટે શોભામાં અભિવૃદ્ધિ કરવા પધારે છે. કેટલાક કવિ સંમેલનોમાં તો 'કાર્યક્રમના અંતે સ્વરુચિ ભોજન સાથે લઈશું.' એવું ઊડીને આંખે વળગે એ રીતે છાપવામાં આવ્યું હોય છતાં શ્રોતાઓ કાર્યક્રમમાં ખાસ રુચિ દાખવતા નથી. અને જે થોડાઘણા દેખાય છે તે પણ છેક છેલ્લે દેખાય છે! જ્યારે અહીં કુદરતી રીતે યોજાયેલ કાર્યક્રમના અંતે સ્વરુચિ કે અરુચિ ભોજનની વ્યવસ્થા ન હોવા છતાં લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. ઘણા લોકો વાતવાતમાં એવું બોલતા હોય કે 'આજે કોની પાસે ટાઈમ છે!' આ વાક્ય અહીં ધરમૂળમાંથી ખોટું પડે છે. ખરેખર વાત એમ છે કે તમારા કાર્યક્રમમાં દમ હોવો જોઈએ, તમારો કાર્યક્રમ શ્રોતાઓના સમય કરતા વધુ કિંમતી હોવો જોઈએ તો લોકો ગમે ત્યાંથી સમય કાઢીને પણ આવશે.

આપણે ત્યાં બે મહિલા જ નહીં, બે પુરુષો, અરે બે કુતરા કે બે ખૂંટિયા (આખલા) લડે તોય જોતજોતામાં બહોળી સંખ્યામાં પ્રેક્ષકો પધારે છે. પણ તેમાંય જો બે સ્ત્રીઓ લડે અને તે શેરીયુદ્ધ બની રહે એટલે કે ગલીમાં આવીને લડે તો ઘણાને ગલીપચી થવા લાગે. સૌને શેરી સાંકડી પડે. હા બે મહિલાઓ ક્યારેય WWF ની જેમ લડતી નથી. એમની લડાઈ શાબ્દિક હોય છે. તેનાથી બહુ આગળ વધે તો એકબીજા સામે પોતાના બગડેલા મોઢા વધારે બગાડે, આંખો વડે ઉત્પાત મચાવે અને હાથની ખાસ મુદ્રાઓ થકી કેટલાક અછાપ્ય શબ્દો વ્યક્ત કરવામાં આવે છે. બાકી વાત આનાથી બહુ આગળ વધતી નથી. છતાં આ ઝઘડો પુરુષોના ઝઘડા કરતાં વધુ ઈન્ટરેસ્ટિંગ હોય છે. બે (કે તેથી વધુ) મહિલાઓના ઝઘડામાં બંને પક્ષની તથા પ્રેક્ષકોની સલામતી પૂરેપૂરી હોય છે. આવા ઝઘડામાં પ્રેક્ષકો ને ક્યારેય છરી, ચાકુ, ધોકો, તલવાર કે ઢીક્કા પાટુ વાગી જવાનો ભય હોતો નથી. એટલે મહિલાઓના ઝઘડા ગાંધીસિધ્ધાંત મુજબ મહદ્અંશે અહિંસક હોય છે. એટલે પ્રેક્ષકો તેને (ઝઘડાને) નિરાંતે નિહાળી શકે છે. હા, રાજકોટમાં પાણીની ભયંકર અછત વખતે મહિલાઓએ પાણી ભરવા માટે પાણી બતાવવા એકબીજાને હાંડો, ગાગર, ડોલ વળગાડી લીધાની ઘટનાઓ બનેલી ખરી!

અહીં જેમ જેમ પ્રેક્ષકગણમાં વધારો થાય છે તેમ તેમ મહિલાઓના ઉત્સાહમાં વધારો થાય છે. કેટલા વક્તાઓ તો કહે છે કે 'તમારા વક્તવ્ય દરમિયાન ક્યારેય વિષયાંતર ન થવું જોઈએ.' જ્યારે કેટલાક ચબરાક વક્તાઓ વિષયાંતર થકી જ વિષયને રસપ્રદ બનાવે છે. (નેતાઓ આમાં કુશળ હોય છે!) વિષયાંતર થવાથી શ્રોતાઓને પણ તેમાં રસ પડે છે. એ જ રીતે જ્યારે બે મહિલાઓ ઝઘડે છે ત્યારે તેઓ થોડી જ વારમાં વિષયાંતર કરે છે અને તે વિષયાંતરનો જે વિષય બને તે આખા કાર્યક્રમને રસપ્રદ બનાવે છે અને પ્રેક્ષકોને જકડી રાખે છે. જ્યારે પુરુષો ઝઘડે છે ત્યારે વિષયાંતર થતું નથી. પુરુષોના ઝઘડવાના મુદ્દામાં, 'કોઈએ ગાડી ભટકાવી હોય', 'પૈસાની ઉઘરાણી બાકી હોય', 'કોઈએ દીકરાની સગાઈમાં કોઈએ રોડા નાખ્યા હોય', 'પ્લોટમાં પેશકદમી કરી હોય', 'મકાનની ડિપોઝિટ પાછી આપી ન હોય' વગેરે વગેરે હોય ત્યારે બંને એકબીજાની સાત પેઢીને યાદ કરાવતા




કરાવતા ઉચ્ચ કક્ષાના વિશેષણો વાપરે છે. પણ મૂળ મુદ્દો પકડી રાખે છે. તેનાથી આગળ વધીને કાર્યક્રમ હાથોહાથની સુધી પહોંચે છતાં પણ તેઓ મુદ્દો મૂકતા નથી. આ રીતે તેઓ મુદ્દાસર બાઝે છે (ઝઘડે છે.) તેમ છતાં પણ કાર્યક્રમ નિરસ હોતો નથી.

જ્યારે બહેનોનો ઝઘડો આગળ વધે કે તેઓ ઘણીવાર મુદ્દો ચૂકી જાય છે. જોકે તેમના માટે મુદ્દો

**એક કહે કે 'આનો ધણી તો બિચારો બે ટંક સારો રોટલોય નથી પામતો.' ત્યારે બીજી ઇંટનો જવાબ પથ્થરથી આપે કે 'તને બહુ પેટમાં બળતું હોય તો તું રાખ!' આમ નાના એવા ઝઘડામાં તેઓ 'વર'દાન (પતિનું દાન) કરવા પર આવી જાય છે**

નહીં પણ ઝઘડવું વધારે મહત્વનું છે કારણ કે તેનાથી માઈન્ડ ફ્રેશ થાય છે. એટલે તેઓ થોડી જ વારમાં વિષયાંતર કરી 'તું કેવી છો તે મને ખબર છે!' એવા વાક્ય બોલે છે. તો સામેવાળી કહે કે 'તું કેવી છો તેની તો આખી સોસાયટીને ખબર છે!' આમ તેઓ જાહેર જનતાને એકબીજાનો 'અસલ પરિચય' આપે છે જે ક્યારેય તેમની સગાઈના બાયોડેટામાં જોવા મળ્યો હોતો નથી. ત્યાંથી આગળ વધીને કહે કે 'તને સપના સોસાયટીમાંથી મકાન શું કામ ખાલી કરાવ્યું તે મને ખબર છે!' ત્યારે શ્રોતાજનોએ કહેવાનું મન થાય કે બહેન તમને ખબર હોય તો અમને પણ કહો ને! ખબર હશે તો ખપ લાગશે. ત્યારે સામેવાળી કહે કે 'પેલાએ તને અહીં મકાન શું કામ આપ્યું તે મને ખબર છે!' ખરેખર વાત પણ સાચી છે. બહેનોને પોતાના કરતાં ય બીજાની વધુ ખબર હોય છે. આમ તેઓ 'બે'-ખબર હોય છે (એટલે કે બે કે તેથી વધુ મહિલાઓની ખબર રાખે છે!) વળી એક કહે કે 'આનો ધણી તો બિચારો બે ટંક સારો રોટલોય નથી પામતો.' ત્યારે બીજી ઇંટનો જવાબ પથ્થરથી આપે કે 'તને બહુ પેટમાં બળતું હોય તો તું રાખ!' આમ નાના એવા ઝઘડામાં તેઓ 'વર'દાન (પતિનું દાન) કરવા પર આવી જાય છે. લગ્ન સમયે ગોરમહારાજના મુખેથી ઉચ્ચારાતા પવિત્ર મંત્રોની સાક્ષીએ કન્યાદાન કરવામાં આવે છે. જ્યારે અહીં પડોશણની બરછટ જીભેથી ઉચ્ચારાતા કઠોર મંત્રોની સાક્ષીએ 'વર'દાન કરવામાં આવે છે. પછી એકબીજાના મા-બાપ વિશે પણ વિગતે જણાવવામાં આવે છે કે 'આની માં તો આના કરતાંય વધે એવી છે!' બીજી કહે કે તારી માં ક્યાં ઓછી છે! પિસ્તાળીસમાં વર્ષે તારા બાપને મૂકીને પેલા મલકના ઉત્તાર મોહના જોડે ભાગી ગઈ'તી!' આમ આગળ વધીને તેઓ એકબીજાના માતાપિતાનો પરિચય આપે છે. જો આ રીતે દીકરા દીકરીની સગાઈ પહેલા કુટુંબ પરિવારનો પરિચય અપાય તો તે સામેવાળાને ખૂબ ઉપયોગી નીવડે. આ રીતે જેમ જેમ તેમની વાર્તા વિસ્તરતી જાય છે તેમ તેમ શ્રોતાજનો માટે રસપ્રદ બનતી જાય છે. કેટલાક સજ્જનો બંનેને શાંત પાડવા આગળ વધે છે ત્યારે તેમની પાછળ ઊભેલા રસિકજનો કહે છે, "અરે રહેવા દો, રહેવા દો, માંડ જામ્યું છે!"

જ્યારે બંને એકબીજાના ચારિત્ર્યની ચોપડીઓ ખોલે છે ત્યારે તેમની સાથોસાથ સોસાયટીના બે-ચાર પુરુષોના નામ પણ ઝપટે ચડી જાય છે. એટલે લોકોને પણ ખ્યાલ આવે કે આપણી સોસાયટીમાં પણ સેવાભાવી પુરુષો વસે છે ખરા! આ કાર્યક્રમમાં જે તે સેવાભાવી પુરુષોના નામ ઉછળ્યાની ખબર તેમની પત્નીઓને પડે છે ત્યારે તેમના ઘરમાં બીજી સભાના કાર્યક્રમો (બંધ બારણે) શરૂ થાય છે અને કાર્યક્રમ જો વધારે પડતો જામે તો દ્રશ્ય શ્રાવ્ય બની રહે છે. (એટલે કે શેરી સુધી પહોંચે છે.) ગઈકાલે જે બે મહિલાઓ વચ્ચે મુખ્ય કાર્યક્રમ રજૂ થયો હોય તે કાર્યક્રમની 'બાઈ'પ્રોડક્ટ (બાયપ્રોડક્ટ) રૂપે પેલા સેવાભાવી પુરુષોના ઘરમાં કાર્યક્રમ શરૂ થાય છે. પછી પેલો મહિલાઓવાળો મુખ્ય કાર્યક્રમ તો 1-2 એપિસોડમાં પતી જાય છે પણ સેવાભાવી પુરુષોના ઘરમાં શરૂ થયેલા કાર્યક્રમના 20-25 એપિસોડ ઉતરે છે. આમ બહેનો લડે તે બીજાને ય નડે.

લોકો કલાકો સુધી આ કાર્યક્રમને રસપૂર્વક નિહાળે છે. કેટલાક કહેવાતા શાણા પુરુષો આવા કાર્યક્રમની આભાર વિધી કરવા આગળ આવે છે. આમ પણ હવે કોઈ આગળ ન આવે તો પણ બંને બહેનોના મનમાં ઝઘડતા હોવાની સમાંતરે એ મનોમંથન પણ ચાલતું હોય કે 'હવે આ કાર્યક્રમ પૂર્ણ કઈ રીતે કરવો.' કારણ કે તેઓ પાસે હવે એકબીજા માટે વાપરવાનું મૌલિક સાહિત્ય ખૂટી ગયું હોય છે. એટલે જે કોઈ આભારવિધી કરવા આગળ આવે તેનો મનોમન આભાર માની, બે'ક છેલ્લા ચમકારા કરી કાર્યક્રમને સંકેલી લે છે. આ રીતે સોસાયટીને વધુ બે શાણા (દોઢ ડાયા અથવા તો હળંગ ડાયા!) પુરુષોની ભેટ મળે છે. છેવટે બંને શાણા પુરુષો કે અન્ય લોકો પૂછે કે 'બહેન, ઝઘડો થયો શેમાંથી? તો બહેનોય માથું ખંજવાળવા માંડે કે સાલો, ઝઘડો થયો શેમાંથી?

### -:: ગરમાગરમ ::-

એક કાકા-કાકી બસ ડેપો એ ઉભા હતા. તેમાંથી કાકા એક યુવાનને સગાઈની સલાહ આપતા બોલ્યા, "એસટી ડેપો એ જઈને લક્ઝરી કે વોલ્વોની બહુ રાહ ન જોવી. નહિતર એ તો નહીં મળે અને સાદી એસ.ટી. બસ પણ જતી રહેશે."

ત્યારે યુવાને કાકી સામે જોઈને જવાબ આપ્યો, "...પણ કાકા તમે પોતે જ ઉતાવળમાં છકડામાં ચડી બેઠા છો!"